ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ**
**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.**

Date : 25th November, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
..........................................................................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગર આગવા આયોજન, નિયમોનું પાલન, પરિણામમાં સચોટતા અને ટીમ વર્ક માટે ગુજરાતના વિજ્ઞાન કેન્દ્ર માટે પ્રેરણાં સ્વરૂપ : ડૉ. ગોસ્વામી

રીજીયોનલ સાયન્સ મ્યુઝીયમ, ભાવનગરના પ્રોજેક્ટ ડાયરેકટર ડો. ગિરીશ ગોસ્વામી આજે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગરની મુલાકાતે

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

ગુજરાતમાં GUJCOST દ્વારા સ્થાપિત જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રો અને પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રો દ્વારા થઇ રહેલ વિજ્ઞાનના પ્રસાર અને પ્રચારમાં વધુમાં વધુ ક્ષમતામાં વધારો થાય તેવા હેતુથી સમગ્ર ગુજરાતના વિવિધ લોક વિજ્ઞાન કેન્દ્રોમાં રીજીયોનલ સાયન્સ મ્યુઝીયમના પ્રોજેક્ટ ડાયરેક્ટરો દ્વારા મુલાકતો યોજવામાં આવી રહી છે. જેમાં આજ રોજ રીજીયોનલ સાયન્સ મ્યુઝીયમ, ભાવનગરના પ્રોજેક્ટ ડાયરેકટર ડો. ગિરીશ ગોસ્વામીએ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગરની મુલાકાત લીધેલ. મુલાકાત દરમ્યાન તેઓએ વિવિધ સાયન્ટીફીક સાધનો, લેબોરેટરી, લાઈબ્રેરી, ડેશ સ્ટોક અને વિજ્ઞાન કેન્દ્રના બિલ્ડીંગ તથા વાર્ષિક અહેવાલ, સાયન્સ સેન્ટર દ્વારા થતા વિવિધ કાર્યક્રમોની નોંધ લીધી હતી. સાથોસાથ કોરોના મહામારીના સમયમાં આગામી થનાર કાર્યક્રમો વિષે કર્મચારીઓ સાથે ઊંડાણપૂર્વક ચર્ચા વિચારણા કરેલ. તેમજ તેઓ એ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા થયેલ પ્રવૃતિઓની સરાહના કરેલ અને ભવિષ્યમાં વિજ્ઞાનના પ્રસાર-પ્રચાર માટે શ્રેષ્ઠ કાર્યક્રમો ભાવનગર જીલ્લાના છેવાડાના ગામો સુધી પહોચવા માટે આગવું અયોજન કરીને ભવિષ્યમાં થનાર કાર્યક્રમો માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

25/11/2020
6 pm

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.